**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૦/૦૨/૨૦૧૬ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી ૬૪ વ્યક્તિઓને ઝડપી ૨૧૩ લીટર દેશી દારૂ અને ૧૭૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૨ બિયર ટીન, ૦૨ કાર અને ૦૨ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૫૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૪૨/૧૬**

**ઘાટલોડીયા :** ભાવેશ નેમીચંદ શાહ (રહે.ગંગારામ સોસા.પ્રા.લી., ધરમનગર, સાબરમતી) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૨/૧૬ રાતના ૧૦/૦૦ થી તા.૧૯/૨/૧૬ સવારના ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘાટલોડીયા મેમનગર ગુરૂકુળ રોડ એચ.બી કાપડીયા સ્કુલની બાજુમાં એપ શાંતિનીકેતન કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાનનાં શટરનાં નકુચા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી અલગ-અલગ કંપનીના જીન્સ પેન્ટ આશરે નંગ ૨૦૦ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- અને અલગ-અલગ કંપનીના શર્ટ નંગ-૨૫૦/- કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એલ પાટીલ ચલાવે છે.

**વાડજ :** ખોડાભાઇ પ્રેમજીભાઇ પરમાર (રહે, પૃથ્વી કોમ્પલેક્ષ હોટલ રીજેન્ટાની બાજુમાં, આશ્રમરોડ, જુના વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૨/૧૬ બપોરના ૧૨/૪૫ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૨,૪૭,૪૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૩૪૩/૧૬**

| | |
|---|---|
| **વેજલપુરઃ** લલીત અશોકભાઈ સરગડા (ઉ.વ.૨૧)(રહે.યોગેશ્વરનગર ખાડામાં ગુપ્તાનગર વાસણા) તા.૬/૨/૧૬ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને રંગે ગોરા છે. વાદળી રંગનુ ચોકળીવાળુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે.ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે.(વેજલપુર પોલીસ સ્ટેશન ફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |
| **મેઘાણીનગરઃ** ભાવનાબહેન સુરજકુમાર ભરવાડ (ઉ.વ.૧૯)(રહે.ચામુંડાનગર વિભાગ-૧ ભાર્ગવ રોડ મેઘાણીનગર) તા.૬/૨/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા/આસમાની રંગની સાડી-બ્લાઉઝ પહેરેલ છે. ડાબા હાથના કાડા ઉપર અંગ્રેજીમાં એસ.બી કોતરાવેલ છે. અસ્થિર મગજના છે. ઉંચાઈ ૫ ફુટ છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| **સરદારનગરઃ** નમ્રતાબહેન હિમ્મતલાલ ગાંગડેકર (ઉ.વ.૨૦)(રહે. રાજીવનગર નરોડા રેલવે સ્ટેશનની સામે નોબલનગર સરદારનગર) તા.૧૦/૨/૧૬ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનો ફુલ ફીઝાઈનવાળો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ડાબા હાથ ઉપર છુંદણાથી પતંગીયુ કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(સરદારનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૪૩૪૫) |  |
| **વાડજઃ** એરીક રફાઈલ ફર્નાન્ડીઝ (ઉ.વ.૧૮) (રહે.આકાશદીપ સોસાયટી અખબારનગર પાસે નારણપુરા) તા.૧૦/૨/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને રંગે ગોરા છે. ગ્રે રંગની ટી-શર્ટ અને ગ્રે રંગનુ ટ્રેકશુટ પહેર્યુ છે.ઉંચાઈ ૫ ફુટ ૨ ઇંચ છે.(વાડજ પોલીસ સ્ટેશન ફોન નંબર ૨૭૪૯૯૬૪૦) |  |
| **વટવાઃ** સંગીતાબહેન શકરાભાઈ મારવાડી (ઉ.વ.૧૭) (રહે.દુર્ગાનગર અંબિકા ટ્યુબની પાસે વટવા) એક વર્ષ પહેલા પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. મરૂન રંગનુ ટોપ અને વાદળી રંગની લેગીઝ પહેરી હતી. જમના બાવડા ઉપર છુંદણાથી સ્ટાર કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **ખોખરાઃ** બિરાજબહેન ઉમંગસિંગ ગોહિલ (ઉ.વ.૨૮)(રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ ખોખરા) તા.૧૧/૨/૧૬ કલાક ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે સેટેલાઈટ સીમા હોલ ખાતે ઈન્ટરવ્યુ આપવા જવાનુ કહી નિકળ્યા બાદ પત્તો નથી. મધ્યમ બાંધાના અને રંગે ગોરા છે. કેસરી રંગની સાડી પહેરી છે. જમના હાથે કાડાં પાસે લાખા છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(ખોખરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)